પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૮૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૭-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ભુક્કા બોલાવ્યા, સુત્રાપાડામાં ૨૪ કલાકમાં ૨૨ ઈંચ વરસાદ નોંધાયો, તો વેરાવળમાં ૧૯ ઈંચ

જુનાગઢ,

ગીર સોમનાથઃ સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અધિક માસમાં મેહુલિયો સાંબેલાધાર બેટિંગ કરી રહ્યો છે. ત્યારે ગીર સોમનાથમાં ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે પર પણ ધસમસતા પ્રવાહ ફરી વળ્યા છે. સુત્રાપાડા ફાટક અને વેરાવળ વચ્ચેનો રોડ ધોવાયો છે. વેરાવળના સોનારિયા ગામ નજીક હાઈવે પર પણ ધોવાણ થયું છે. ધોવાણ થતા નેશનલ હાઈવે બંધ કરાયો છે.





ગીર સોમનાથમાં અનરાધાર આફત આવી છે. સુત્રાપાડા અને વેરાવળમાં સતત બીજા દિવસે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. વેરાવળમાં આજે બે કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો સુત્રાપાડામાં ૨.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે કોડીનારમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે.

સતત વરસતા વરસાદને કારણે અનેક રોડ રસ્તા બંધ થયા છે. વેરાવળ કોડીનાર નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. સોનારિયા ગામ નજીક સરસ્વતી નદીના પાણી ફરી વળ્યા છે. તો સુત્રાપાડા કોડીનાર હાઈવે પણ બંધ થયો છે. વાવડી નજીક રોડ પર પાણી ફરી વળતા બંધ થયો છે.

ભારે વરસાદને કારણે પ્રાચી તીર્થની સરસ્વતી નદી પણ તોફાની બની છે. ગીર જંગલ અને તાલાળામાં ધોધમાર વરસાદથી પાણી પાણી થયા છે. નદીનો જળ સ્તર વધતા પ્રાચી તીર્થના કેટલાક વિસ્તારો પાણી ભરાયાં છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે. પાછલા ૨૪ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૨૨ ઈંચ જેટલો વરસાદ સૌરાષ્ટ્રમાં ખાબક્યો છે. ભારે વરસાદના કારણે સુત્રાપાડા, વેરાવળ, તલાલા, ધોરાજી, કોડિનાર સહિતના ભાગોમાં ભારેથી અત્યંત ભારે વરસાદ ખાબક્યો છે. રાજ્યના દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં પણ વરસાદ નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે જેમાં ગીર સોમનાથના સુત્રાપાડામાં ૫૪૧ એમએમ(૨૧.૨ ઈંચ) વરસાદ થયો છે, આ સિવાય ગીર સોમનાથના વેરાવળમાં ૪૮૧એમએમ (૧૮.૯ ઈંચ), તલાલામાં ૨૯૯એમએમ (૧૧.૭ ઈંચ), રાજકોટના ધોરાજીમાં ૨૯૫એમએમ (૧૧.૬ ઈંચ), ગીર સોમનાથના કોડિનારમાં ૨૧૮એમએમ (૮.૫ ઈંચ) વરસાદ થયો છે.

ગીર સોમનાથમાં ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ જળમગ્ન થયા છે. લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. તો ખેતરો પણ બેટમાં ફેરવાયા છે. ભારે વરસાદને પગલે જિલ્લાના કેટલાક ગામનો સંપર્ક ખોરવાયો છે. સોનારિયા ગામમાં તો સૌથી ખરાબ સ્થિતિ છે. સોનારિયા ગામમાં કમર સુધી વરસાદી પાણી ભરાયા છે.જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદને પગલે એનડીઆરએફની એક ટીમ ગીર સોમનાથ મોકલાઈ છે. જૂનાગઢથી એનડીઆરએફની એક ટીમ ગીર સોમનાથ મોકલાઈ છે. ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે હાલ એનડીઆરએફની ૬ ટીમ તૈનાત કરાઈ છે. કચ્છ, નવસારી, વલસાડમાં એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાય રખાઈ છે. સાથે જ અમરેલી, રાજકોટમાં પણ એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

ગીર સોમનાથ ભારે વરસાદને કારણે હિરણ નદીમાં પૂર આવ્યું છે. જેથી હિરણ નદીનું પાણી તાલાલા શહેરમાં ફરી વળ્યું છે. તાલાલા સરકારી હોસ્પિટલમાં પાણી ઘૂસી ગયા છે. હોસ્પિટલમાં પાણી ઘૂસતા દર્દીઓની મુશ્કેલીઓમમાં વધારો થયો છે. હોસ્પિટલમાં વરસાદી પાણી ફરી વળતા ઓક્સિજન પ્લાન્ટને ભારે નુકસાન થયું છે. વેરાવળની બિહારીનગર, અન્નપૂર્ણા સોસાયટી, શિવજી નગર, હરસિદ્ધિ સોસાયટી સહિતના વિસ્તારમાં પાણીની નદીઓ વહી રહી છે. વેરાવળના મુખ્ય બજારમાં ભરાયા વરસાદી પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે ઘૂંટણસમાં પાણી ભરાયા છે. ગીર સોમનાથના તમામ તાલુકામાં ધોધમાર વરસાદને પગલે સુત્રાપાડા કોડીનાર હાઈવે પણ બંધ થયો છે. સુત્રાપાડા અને વેરાવળને જોડતો મુખ્ય માર્ગ પણ બંધ થયો છે. તો વરસાદને કારણે પ્રાચી જવાનો રસ્તો બંધ થયો છે. રસ્તા પર પાણી ફરી વળતા વાહન ચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

માંગરોળમાં આભ ફાટ્યું છે. સવારે ૪ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. માંગરોળ કેશોદ બાયપાસ પર કમરસમાં પાણી ભરાયા છે. પાણી ભરાઈ જતા સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે જ લોકો સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ભરાઈ ગયા છે. જ્યારે નદી-નાળા પણ છલોછલ થઈ ગયા છે અને નદીના પાણી પ્રવેશતાં જબરદસ્ત પાણીનો પ્રવાહ જોવા મળી રહ્યો છે. સોસાયટીમાં પાર્ક કરેલા વાહનો પણ ડૂબતાં હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.

ગીર સોમનાથમાં મેઘતાંડવના દ્રશ્યો સતત સામે આવી રહ્યા છે. રસ્તા પર ગોઠણ સમા પાણી ભરાયા છે. રસ્તા જળમગ્ન થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામોન કરવો પડી રહ્યો છે.

ગીર સોમનાથમાં મેઘરાજાએ કરેલી રૌદ્ર સવારીથી સમસ્યા કફોડી બની છે. અનરાધાર વરસાદ બાદ રસ્તા પર પાણીનો ઘસમસતો પ્રવાહ વહેતો થયો છે. રસ્તા પર જાણે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે.

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં મેઘતાંડવને લીધે ખરાબ સ્થિતિ જોવા મળી રહી છે. કેશોદ વેરાવળ હાઈવે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. જિલ્લામાં અનેક રસ્તાઓ અને ખેતરોમાં પાણી ભરાયા છે. જ્યાં જુઓ ત્યાં જળતાંડવ જેવી સ્થિતિ છે.

ગીર સોમનાથના સાસણ નજીક આવેલા ભોજદે ગામ ભારે નુકસાન બાદ તારાજીના દ્રશ્યો સામે આવ્યા છે. નદીના પાણી ફરી વળતા વ્યાપક નુકસાન પહોંચ્યું છે. જ્યોતિગ્રામની વીજલાઈન ધરાશાયી થઈ છે. આંબાના બગીચા અને સ્વીમીંગ પુલ પાણીમાં ધોવાયા છે. મોબાઈલ નેટવર્ક પણ ખોરવાયા છે. ભોજદે ગામની કપુરીયો નદી હિરણ નદીમાં ભળે છે. હિરણ નદીમાં અફાટ પાણી હોવાથી કપુરીયો નદીના પાણી ભોજદે ગામમાં ફરી વળ્યા છે.


સતત વરસાદથી વેરાવળ શહેર જળબંબાકાર બન્યું છે. વેરાવળમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ ઈંચથી વધુ વરસાદ પડતા ચારેતરફ પાણી જ પાણી છે. વેરાવળમાં મેઘમહેરથી અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. આવાસ યોજના રોડ પર પાણી ભરાઈ જતા હાલાકીનો સામનો કરવો પડી હ્યો છે. ગીર સોમનાથના વેરાવળ શહેરમાં મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી. વેરાવળ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદનું પાણી ભરાઈ ગયા છે. તો વેરાવળ શહેરના બ્રહ્મકૂંડ શિવ મંદિરમાં પાણી ભરાઈ ગયા છે. મંદિરનું પરિસર પાણીમાં ગરકાવ થઈ ગયું છે. વેરાવળ શહેર મા આવેલ બ્રહ્મકૂડ શીવમંદીર પરીસર મા પાણી ભરાયા છે.

જામકંડોરણાના પીપરડી ગામે આભ ફાટ્યું હતું. પીપરડી ગામે ૫ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેમાં ૫ જેટલા ચેક ડેમો તૂટતા ગામમાં વરસાદની પાણી ઘૂસ્યા છે. પીપરડી ગામમાં નદી જેવા દ્રષ્યો જોવા મળ્યા હતા. ગામમાં અનેક મકાનોમાં પાણી ઘુસતા ઘર વખરીને નુકશાન થયું છે. તો વિજપોલ ધરાશાયી થતા ગામમા વીજળી ગુલ થઈ છે. લોકોને લાઈટ વગર અંધારામાં રહેવાની ફરજ પડી છે. પીપરડી ગામે આભ ફાટતા ખેતરોમાં પાકોનું ધોવાણ થયું છે.

## જુનાગઢમાં બધુ જ તણાયું : માંગરોળમાં ૧૧ ઈંચથી વધારે વરસાદ, માળીયા હાટીના પણ જળબંબાકાર

જૂનાગઢ,

જુલાઈના ત્રીજા રાઉન્ડમાં હવે સૌરાષ્ટ્રનો વારો છે. ગઈકાલે ગીરસોમનાથ બાદ આજે જુનાગઢમાં વરસાદે હાહાકાર મચાવ્યો છે. જૂનાગઢના માંગરોળમાં સતત વરસાદથી આભ ફાટ્યું હોય એવી સ્થિતિ છે. જૂનાગઢના માંગરોળમાં સવારથી અત્યાર સુધીમાં ૧૨ ઈંચથી વધારે વરસાદ પડતાં ચારેતરફ હાહાકાર છવાયો છે. લોકોનાં ઘરોમાં, દુકાનોમાં અને વાહનોમાં પાણી ઘૂસ્યા છે. માત્ર સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીમાં જૂનાગઢના માંગરોળમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો જૂનાગઢના માળિયા હાટીનામાં ૮ ઈંચ વરસાદ નોંધાયો. પોરબંદરના કુતિયાણામાં ૫ ઈંચ વરસાદ,જૂનાગઢના કેશોદમાં ૪.૫ ઈંચ વરસાદ થયો છે જયારે ગુજરાતના ૧૨ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ,ગુજરાતના ૧૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ,ગુજરાતના ૨૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ,ગુજરાતના ૩૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે



જૂનાગઢ જિલ્લામાં અનરાધાર વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ છે. નદી નાળામાં નવા નીર આવતા લોકો ફસાયા છે. ભારે વરસાદથી અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. તો આ બાજુ માળીયા હાટીના પંથકમાં ભારે વરસાદના કારણે વ્રજમી ડેમના ત્રણ દરવાજા ખોલવાની ફરજ પડી છે. તંત્ર દ્વારા નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા છે. નદીના પટાંગણમાં અવરજવર ના કરવા તંત્ર દ્વારા ખાસ સૂચના અપાઈ છે. સતત પડી રહેલા વરસાદને કારણે વ્રજમી ડેમ ભારે પ્રમાણમાં પાણીની આવક શરૂ થઈ છે. ગીર પંથકમાં ધોધમાર વરસાદને કારણે નદીઓએ ભારે પ્રમાણમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. વ્રજમી નદીનો પ્રવાહ ભારે પ્રમાણમાં વહી રહ્યો છે.

માળીયા હાટીનાનું જામવાડી ગામ આખું જળબંબાકાર બન્યું છે. જાણે આફતની આંધી સમાન વરસાદ વરસ્યો છે. માળીયા હાટીના પંથકમાં સવારથી જ ભારે વરસાદે જમાવટ કરી છે. આખું જામવાડી ગામ બેટમાં ફેરવાયું છે. સતત અવિરત વરસાદને કારણે જ્યાં જુઓ ત્યાં વરસાદી પાણી પાણી છે. તો નીચાણવાળા ઘરોમા વરસાદી પાણી ઘૂસ્યા છે. ઘરવખરી પાણીમાં તણાઈ જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. ગૌશાળા પણ વરસાદી પાણી ધુસ્યા છે. આવામાં અબોલ જીવો પણ મુશ્કેલીમાં મૂકાયા છે.

માળીયા હાટીના તાલુકામાં સવારથી જ સર્વત્ર વરસાદી માહોલ છે. આ કારણે માધવનગર, પટેલ સમાજ, જલારામ મિલ સહિત વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. કેટલીક દુકાનો મકાનોમાં પામી ઘૂસ્યા છે. તો આ કારણ વ્રજમી ડેમના ૩ દરવાજા ૨ ફૂટ ખોલવામાં આવયા છે. ભાખરવડ ડેમ ૧ ફૂટ ઓવરફ્લો થયો છે. નીચાણવાળા ગામડાઓને એલર્ટ કરાયા છે. મેઘલ નદી તેમજ લાઠોદરીયો તેમજ ફલકુંનો વોકળો ગાંડાતૂર બન્યા છે. હજી પણ જુનાગઢની નદીઓમાં પાણી વધવાના જોરમાં છે. હજી પણ જુનાગઢમાં વરસાદ પડવાનું ચાલુ છે. જેથી સરકારી તંત્ર એલર્ટ બન્યું છે.

જુનાગઢના માંગરોળ તેમજ માળીયા હાટીના પંથકમાં આભ ફાટ્યું છે. મધરાત્રિથી અવિરત ધોધમાર વરસાદ યથાવત છે. માળીયા હાટીના તેમજ માંગરોળ પંથકમાં ધોધમાર વરસાદ છે અને અનેક વિસ્તારોમાં હજી પણ અવિરત વરસાદ પડી રહ્યો છે. જ્યા જુઓ ત્યા પાણી જ પાણી છે. માંગરોળ નજીક આવેલ નોળી નદી તેમજ માળીયા હાટીના મેઘલ નદી અને વ્રજમી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.આ નદીઓના નીચાણવાણા ગામોને એલર્ટ કરાયા છે. નદીઓના પટાંગણમાં અવરજવર ના કરવા તંત્ર દ્વારા સુચના અપાઈ છે.

## મુંબઈમાં મેઘો મંડાયો સમગ્ર શહેરમાં ૫ ઈંચ વરસાદ, ઠેર ઠેર જળબંબાકાર

મુંબઈ,

મુંબઈમાં સતત ધોમધકાર વરસાદ પડી રહ્યો છે અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં ચારથી પાંચ ઈંચ પાણી પડી ગયું હતું જોકે, આજે વરસાદનું જોર ઘટયા બાદ દિવસભર ઝાપટાં ચાલુ રહ્યાં હતાં. ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર જળબંબાકારની સ્થિતિને લીધે ઠેર ઠેર ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.



શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોમાસું સક્રિય બન્યું છે અને સતત વરસાદ વરસી રહ્યો છે. દિવસ દરમિયાન હળવાંથી ભારે ઝાપટાંના દોર પછી રાતના નવ-દસ વાગ્યાથી ભારે વરસાદ શરુ થયો હતો. મોડી રાતથી વહેલી સવાર સુધી સતત ભારે વરસાદ નોંધાયો હતો. મરોલમાં આજ સવારના આઠ વાગ્યા સુધીમાં ૧૪૫ મિમિ એટલે કે લગભગ છ ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ મુંબઈના મલબાર હિલ વિસ્તારમાં આજ સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ૧૧૫ મિમિ વરસાદ થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મળેલી માહિતી અનુસાર, કોલાબા, શિવડી, દાદર, વિક્રોલી, વિલે પાર્લે સહિતના વિસ્તારોમાં સરેરાશ ચાર ઈંચ વરસાદ થયો હતો.

આ વરસાદના કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ વે, ઈસ્ટર્ન હાઈવે, બાન્દ્રા, કુર્લા, સાયન સહિતના વિસ્તારોમાં ટ્રાફિકને અસર થઈ હતી. સવારના રશ અવર્સ દરમિયાન મોટાભાગના વિસ્તારમાં ટ્રાફિક જામનાં દશ્યો જોવા મળ્યાં હતાં. સોશિયલ મીડિયા પર મુંબઈગરાઓએ આપેલાં અપડેટ અનુસાર પાંચ કિમીનું અંતર કાપતાં પણ તેમને એક-એક કલાક જેટલો સમય લાગ્યો હતો.

ભારે વરસાદમાં વૃક્ષોનો સોથ વળવાનું જારી રહ્યું હતું. શહેરમાં ત્રણ, પૂર્વમાં ચાર અને પશ્ચિમી ઉપનગરોમાં છ મળીને કુલ ૧૩ વૃક્ષો ધરાશાયી થયું હોવાનું મહાપાલિકાના દફતરે નોંધાયું હતું. શહેરમાં શોર્ટ સર્કિટ તથા મકાનનો ભાગ કે દિવાલ ધસી પડવાના ત્રણ-ત્રણ બનાવ નોંધાયા હતા. જોકે, સદભાગ્યે કોઈ બનાવમાં કોઈ ઘાયલ થયું ન હતું.

મુંબઈ નજીકનાં પર્યટન સ્થલ લોનાવાલા-ખંડાલામાં આજે સવાર સુધીના ૨૪ કલાકમાં આઠ ઈંચથી વરસાદ થયો હતો. જાણવા મળ્યા મુજબ ખંડાલામાં ૨૩૦ મીમી, ખોપોલીમાં ૨૧૫ મીમી, લોનાવાલા શહેરમાં ૨૧૨ મીમી અને વાલવણ ડેમ વિસ્તારમાં ૧૮૪ મીમી વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે ઘાટ વિસ્તારના તમામ ધોધ સજીવન થઈ ઉઠયા છે.

## અમદાવાદમાં સ્ટેટ મોનિટરીંગ સેલે કર્યો ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ : ૩ની ધરપકડ, ૭ આરોપી ફરાર

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ થયો છે. સ્ટેટ મોનિટરીંગ સેલે આનંદનગર વિસ્તારોમાં દરોડા પાડ્યા છે. આનંદનગર વિસ્તારમાં આવેલી ખાનગી બિલ્ડિંગમાં ચાલતી કોર્પોરેટ ઓફિસમાં સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડા પાડ્યા છે. સ્ટેટ મોનિટરીંગ સેલે ડબ્બા ટ્રેડિંગ કરતા ૩ આરોપીની ધરપકડ કરી છે.

ડબ્બા ટ્રેડિંગના માસ્ટર માઈન્ડ ટોમી ઊંઝા સહિત ૭ આરોપી ફરાર થયા હોવાનું સામે આવી રહ્યું છે. ડબ્બા ટ્રેડિંગના માસ્ટર માઈન્ડ ટોમી ઊંઝા વિરૂદ્ધ અનેક પોલીસ મથકોમાં ગુના નોંધાયો છે. આ અગાઉ પણ અમદાવાદમાં ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ થયો હતો. પાલડી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન કારમાં બેસી ડબ્બા ટ્રેડિંગ કરતા બે ઈસમોની ધરપકડ કરી હતી.

### ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં.૯૪૧
### લુણાવાડા નગરપાલીકા, લુણાવાડા. જી-મહિસાગર

લુણાવાડા નગરપાલિકામાં આઈટમરેટ ટેન્ડર ફોર સી.સી. રોડ અને આસ્ફાલ્ટ રોડ ફોર વેરીયસ લોકેશન લુણાવાડા નગરપાલિકા એરિયા લુણાવાડાના કામ કરવા માટે ઓનલાઇન ઈ–ટેન્ડરીંગ પ્રક્રિયાથી ભાવ માંગવા નીચે મુજબની વિગતે ઓફર મંગાવવામાં આવે છે. અન્ય ટેન્ડરની વિગત ઓનલાઇન www.nprocure.com પર જોઈ શકાશે.

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૮/૦૭/૨૦૨૩ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફિઝિકલ બિડ સબમીશનની છેલ્લી તારીખ | ૦૪/૦૮/૨૦૨૩ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બિડ ખોલવાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૩ના ૧૨:૦૦ કલાકના રોજ |

ઉપરોક્ત કામોના ટેન્ડર સ્વિકારવા અંગે તમામ હક્ક અધિકાર નગરપાલીકાને અબાધીત રહેશે.

| | |
|---|---|
| (આકાશભાઈ પટેલ) ઈ.ચા.ચીફ ઓફિસર લુણાવાડા નગરપાલીકા | (ઈશ્વરભાઈ પટેલ) વહીવટદાર લુણાવાડા નગરપાલીકા |

માહિતી/ગોધરા/૩૩૩/૨૦૨૩

## મહારાષ્ટ્ર-ગુજરાત વચ્ચે સીમાવિવાદ જગ્યો, ગ્રામ પંચાયતના પ્રશ્નનો ઉકેલ આગામી બેઠકમાં લેવાશે : મહેસૂલ પ્રધાન

મુંબઈ,

મહારાષ્ટ્ર-ગુજરાત સીમા બાબતે નજીકના સમયમાં જ બેઠક બોલાવવામાં આવશે, એવું મહેસૂલપ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પક્ષના વિધાનસભ્ય વિનોદ નિકોલેના લક્ષવેધી પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું હતું.નિકોલેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર-ગુજરાત સીમાવિવાદ અંગેનો પ્રશ્ન છેલ્લાં અનેક વર્ષથી પડતર છે.

ગુજરાત રાજ્યમાં ઉમરગાવ તાલુકા અને મહારાષ્ટ્ર રાજ્યમાં દહાણુ અને તલાસરી સીમાનો વિવાદ ઊભો થયો છે. દહાણુ અને તલાસરી તાલુકાની સીમા પર વેવજી, ગિરગાંવ, હિમાનિયા, ઝાઈ, સાંભા, આચ્છાડ ગ્રામ પંચાયત આવેલી છે એ મહારાષ્ટ્ર રાજ્યની ગ્રામ પંચાયત છે.

ગુજરાત રાજ્યના ઉમરગાંવ તાલુકાના સૂલસુંભા ગ્રામ પંચાયતે મહારાષ્ટ્ર રાજ્યની વેવજી ગ્રામ પંચાયતમાં અંદાજે ૫૦૦ મીટરની જગ્યા પર અતિક્રમણ કર્યું છે. એવી જ રીતે ગયા વર્ષો ગુજરાત રાજ્યમાં ઉમરગાંવ તાલુકાના ગોવાડે ગ્રામ પંચાયતે મહારાષ્ટ્ર રાજ્યના ઝાઈ ગામમાં અમુક રહેવાસીઓને નોટિસ મોકલાવી હતી કે તમારાં ઘર અમારા ગોવાડે ગુજરાત રાજ્યની હદમાં છે. ખરેખર વેવજી ગ્રામ પંચાયત એ મહારાષ્ટ્ર રાજ્યની છે, એવું નિકોલેએ જણાવ્યું હતું.

## પશ્ચિમ બંગાળમાં મતગણતરી કેન્દ્ર પરથી સીલબંધ મતપેટીઓ મળી આવી

કોલકાત્તા,

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના ગજોલની એક માધ્યમિક શાળામાંથી ત્રણ સીલબંધ મતપેટી મળી આવી છે, જેની મતગણતરી થઈ નથી. સૂત્રોના કહેવા અનુસાર તાજેતરમાં સંપન્ન થયેલી પંચાયત ચૂંટણી માટે આ સ્કૂલની ફાળવણી મતગણતરી કેન્દ્ર માટે કરાઈ હતી, જ્યાં આ મતગણતરી રાખવામાં આવી હતી. મતપેટી મળી આવ્યા બાદ કોંગ્રેસ નેતા પ્રદીપ ભટ્ટાચાર્યે કહ્યું કે આનાથી ફક્ત એ જ સાબિત થાય છે કે પંચાયત ચૂંટણી લોકશાહીના નામ પર એક તમાશો છે.

સીલબંધ મતપેટીઓ એક ચૂંટણી અધિકારી દ્વારા નિયુક્ત કરાયેલા તાલુકા વિકાસ અધિકારી(ટીડીઓ)ની દેખરેખમાં હોવી જોઈએ. હું સંબંધિત અધિકારી વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરું છું, કારણ કે આ ત્રણ મતપેટીની ગણતરી કર્યા વિના જ પરિણામની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ નેતાઓની સાથે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા તન્મય ભટ્ટાચાર્યે પણ કહ્યું કે, પંચાયત ચૂંટણી એક દેખાવો હતો. આ ગ્રામીણ વિસ્તારોમાં સત્તા હાંસલ કરવા માટે સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસની હતાશા દર્શાવે છે. અહીંયા નોંધવું રહ્યું કે, ૮મી જુલાઈએ યોજાયેલી પંચાયત ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસનો ભવ્ય વિજય થયો છે. તૃણમૂલ કોંગ્રેસે તમામ જિલ્લા પંચાયતમાં ૮૮૦ સીટો જીતી છે, જ્યારે ભાજપને ૯૨૮માંથી ફક્ત ૩૧ સીટ પર જીત મળી છે. જ્યારે કોંગ્રેસ-ડાબેરી ગઠબંધનને ૧૫ સીટો મળી, જ્યારે બે સીટો અન્યને ફાળે આવી છે.

## બેંગલુરુમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ, સીરિયલ બ્લાસ્ટની સાજિસ રચી રહ્યા હતા



બેંગ્લુરૂ,

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (સીસીબી)એ બેંગલુરુમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ બેંગલુરુમાં સીરિયલ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહ્યા હતા. સીસીબીએ આ પાંચ આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. સીસીબીએ કહ્યું કે આ પાંચ શકમંદોની ઓળખ સૈયદ સુહેલ, ઉમર, જાનિદ, મુદાસિર અને ઝાહિદ તરીકે થઈ છે.

આ તમામ આતંકવાદીઓએ બેંગ્લોરમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ પાંચેય આરોપીઓ ૨૦૧૭ના એક હત્યા કેસમાં આરોપી હતા અને તેઓ પરપ્પના અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં બંધ હતા. અહીં તે આતંકવાદીઓના સંપર્કમાં આવ્યો હતો. આ મામલાની માહિતી આપતાં બેંગલુરુના પોલીસ કમિશનર બી દયાનંદે કહ્યું કે નજીકમાં ઝઝ્મ દ્વારા ધરપકડ કરાયેલા આતંકવાદીઓ પાસેથી ૭ પિસ્તોલ, અનેક ગોળીઓ, એક વોકી-ટોકી અને અન્ય વસ્તુઓ મળી આવી છે.

બીજી તરફ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ તેને મોટું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આ આતંકવાદીઓ બેંગલુરુમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરવા માંગતા હતા. પૂર્વ સીએમ બોમાઈએ કહ્યું કે આ કેસ એનઆઈએને સોંપવો જોઈએ. જણાવી દઈએ કે પાંચેય આરોપીઓને ૧૫ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

## ૨૦૨૩નો સૌથી પાવરફુલ પાસપોર્ટ સિંગાપોરનો : ભારતનો પાસપોર્ટ ૮૦મા ક્રમે છે

નવીદિલ્હી,

સિંગાપોરનો પાસપોર્ટ વિશ્વનો સૌથી પાવરફુલ પાસપોર્ટ બની ગયો છે. એટલે કે આ દેશના નાગરિકો ૧૯૨ દેશોમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. પાસપોર્ટ રેંક્િંગ જાહેર કરતી સંસ્થા હેનલી એન્ડ પાર્ટનર્સે ૨૦૨૩ માટે હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ બહાર પાડ્યો છે. રેક્િંગમાં ભારત ૮૦માં સ્થાને પહોંચી ગયું છે. ગયા વર્ષે ભારતનો રેક ૮૭મો હતો. ભારતીય નાગરિકો ૫૭ દેશોમાં વિઝા વિના મુસાફરી કરી શકે છે. જ્યારે, પાકિસ્તાનના પાસપોર્ટનું રેક્િંગ ૧૦૦મું છે. પાકિસ્તાની નાગરિકો માત્ર ૩૩ દેશોમાં જ વિઝા ફ્રી મુસાફરી કરી શકે છે. બીજા સ્થાને જર્મની, ઈટાલી અને સ્પેન હતા. અહીંના નાગરિકો વિઝા વિના ૧૯૦ દેશોમાં પ્રવાસ કરી શકે છે. જાપાન છેલ્લા ૫ વર્ષથી સૌથી પાવરફુલ પાસપોર્ટના પ્રથમ સ્થાન પર રહ્યા બાદ આ વર્ષે ત્રીજા સ્થાને સરકી ગયું છે.દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, લક્સમબર્ગ અને સ્વીડન પણ ત્રીજા સ્થાને છે. રેક્િંગમાં અમેરિકાનો પાસપોર્ટ ૮મા અને બ્રિટનનો પાસપોર્ટ ચોથા ક્રમે છે.જાપાન છેલ્લા ૫ વર્ષથી સૌથી પાવરફુલ પાસપોર્ટના પ્રથમ સ્થાન પર રહ્યા બાદ આ વર્ષે ત્રીજા સ્થાને સરકી ગયું છે. આ રેક્િંગ વર્ષમાં બે વાર જાહેર કરવામાં આવે છે. પ્રથમ વખત જાન્યુઆરીમાં અને બીજી વખત જુલાઈમાં ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે. હેનલી પાસપોર્ટ વિઝા ઈન્ડેક્સની વેબસાઈટ મુજબ - રીયલ ટાઈમ ડેટા આખા વર્ષ દરમિયાન અપડેટ કરવામાં આવે છે. વિઝા પોલિસીમાં ફેરફારને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. આ ડેટા ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ એસોસિએશન પાસેથી લેવામાં આવે છે.

# લુણાવાડા સામાજીક વનીકરણ રેન્જ દ્વારા લુણાવાડા તાલુકાના વિવિધ ગામોમાં ચાલુ ચોમાસા દરમ્યાન કુલ-૧૫૪૮૪૪ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

પર્યાવરણના જતન માટે પોતાનું યોગદાન આપવા મહીસાગર ફોરેસ્ટ વિભાગ ખાસ કરીને લુણાવાડા સામાજીક વનીકરણ રેન્જ દ્વારા એક અનોખો અને સરાહનીય પ્રયત્ન કરવામાં આવ્યો છે. લુણાવાડા તાલુકામાં ચોમાસામાં હરીયાળી ક્રાંતિ લાવવા વન વિભાગ દ્વારા ચોમાસા દરમ્યાન કુલ-૧૫૪૮૪૪ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ. વનવિભાગ દ્વારા ચોમાસુ શરૂ થતા આ વિસ્તારમાં આવેલ વેરાન જંગલોને લીલાછમ બનાવવા આયોજન કરવામાં આવેલ છે.

સમગ્ર રાજયમાં તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લામાં અનકે પ્રકારના વૃક્ષોનું વાવેતર લુણાવાડા સામાજીક વનીકરણ રેન્જ દ્વારા કરવામાં આવ્યું છે. જેના થકી મહિસાગર જીલ્લાની હરિયાળીમાં ઉમેરો થયો છે તે સાથે પર્યાવરણની રક્ષા માટેનું પણ ઉમદા કાર્ય થયું છે.

ગોધરા સામાજીક વનીકરણ વિભાગના માર્ગદર્શન હેઠળ લુણાવાડા સામાજીક વનિકરણ રેંન્જ દ્વારા ચાલુ ચોમાસા દરમ્યાન ખેડૂતોને સરકારના નવિન અભિગમ વૃક્ષખેતી તરફ પ્રેરિત કરીને ખેડુતો વધુમાં વધુ વૃક્ષો વાવે તે બાબતે વન વિભાગ ગુજરાત રાજયના અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ દ્વારા વન વિભાગના તમામ સ્ટાફને ઘનિષ્ઠ વનીકરણ કરાવવા માટે સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

જે માર્ગદર્શન અને સુચના ના આધારે લુણાવાડા સામાજીક વનિકરણ રેંન્જમાં અલગ-અલગ ગામોમાં કુલ-૧૫૪૮૪૪ રોપાઓનુ વાવેતર કરાવવામાં આવ્યુ છે તથા વન મહોત્સવ અંતર્ગત ઉછેરવામાં આવેલા ૫૩૧૦૦૦ હજાર રોપાઓનુ વિતરણ કરવામાં આવનાર છે.

આમ, લોકોમાં પર્યાવરણ જાગૃતી આવે અને લોકો વધુમાં વધુ વૃક્ષો વાવેતર કરવા પ્રેરાય તે માટે ગોધરા સામાજીક વનિકરણ વિભાગના નાયબ વન સંરક્ષક ડો.મિનલ જાનીના માર્ગદર્શન હેઠળ લુણાવાડા સામાજીક વનીકરણ રેંન્જના આર.એફ.ઓ. જે.ટી. મકવાણા અને તેમનો સ્ટાફ સતત પ્રયત્નશીલ છે.

# ખાનપુર તાલુકામાં ભીલપ્રદેશ મુક્તિ મોરચા દ્વારા ભીલ પ્રદેશ રાજ્યની માંગણી માટે મામલતદારને આવેદન



ખાનપુર,

ખાનપુર તાલુકા આદિવાસી સમાજ દ્વારા ભીલ પ્રદેશ મુક્તિ મોરચાના નેજા હેઠળ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના આદિવાસી વસ્તી ધરાવતા સરહદી વિસ્તારોને જોડીને ભીલપ્રદેશ રાજ્ય બનાવવા માંગણી કરવામાં આવી છે. આઝાદી પૂર્વે પશ્ચિમી ભારતના ભીલ વસતી ધરાવતા વિસ્તારને ભીલ કન્ટ્રીના નામે અલગ કરવામાં આવ્યો હતો. આઝાદી બાદ આ પ્રદેશને ચાર રાજ્યોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. આ વિસ્તારોને ભેગા કરી અલગ ભીલપ્રદેશ રાજ્ય બનાવવા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાના લગભગ ૨૦૦ જેટલા તાલુકાઓમાં મહામહિમ રાષ્ટ્રપતિના નામે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ સાથે ખાનપુર તાલુકાના આદિવાસી સમાજ દ્વારા મામલતદાર કચેરી, ખાનપુર (બાકોર) કચેરી ખાતે પહોંચી મામલતદારને આવેદનપત્ર આપી. આ ચાર રાજ્યોમાં વહેંચી નાંખી અલગ કરેલા વિસ્તારને ફરીથી એક કરી ભીલપ્રદેશ રાજ્યની માગણી કરાઈ હતી. મહામહિમ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીને ઉદ્દેશીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# બાલાસિનોર એસ.ટી. ડેપો દ્વારા નવીન બસો શરૂ કરાઈ



બાલાસિનોર,

ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર ૧૧૯-ઠાસરા મતવિસ્તાર નાઓની રજુઆત મુજબ બાલાસિનોર ડેપો ખાતેના ડેપો મેનેજર કૌશિકભાઈ આર. પટેલના દ્વારા રજુઆત મુજબના ગળતેશ્વર, સેવાલીયા તાલુકાના ગામ જેવા કે વણાંકબોરી, લકકડીયા નવા વનોડા, જુના વનોડા, આંબા, મહીઈટાડી સિંગોડી પરબીયા, બર્મા, વેલાના મુવાડા, હાડીયા, હડમતીયા, નવારોઝવા તથા જુના રોઝવા, મેનપુરા જેવા ગામોના વિદ્યાર્થીઓને સીધો લાભ શારદા મંદિર હાઇસ્કુલ/પ્રાથમિક શાળાના અભ્યાસ અર્થે મળી રહે તે હેતુથી ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર ૧૧૯-ઠાસરા તથા આચાર્ય સંજયભાઇ પટેલ તથા તા.પં.સદસ્ય કમલભાઇ પટેલ અને રિપનભાઇ સામાજીક કાર્યકર તેમજ સરપંચ જતીનભાઇ પટેલ તથા અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતીમાં (૧૨) ટ્રીપોનું સંચાલન હાથ ધરવાનો આરંભ કરેલ છે.

# કાલોલ તાલુકાની ૭૦ જેટલી ગ્રામ પંચાયતોમાં ૯ ટીમો દ્વારા તપાસ હાથ ધરાઈ

કાલોલ,

રાજયના વિકાસ કમિશનરે પંચમહાલ જિલ્લાની ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રી નિયમિત હાજર રહે છે કે કેમ તેની તપાસ કરવા હુકમ કર્યા હતા. જેથી કાલોલ તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં વિવિધ ૯ ટીમો બનાવીને કાલોલ તાલુકાની ૭૦ ગ્રામ પંચાયતોની આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. પણ તપાસમાં તમામ ગ્રામ પંચાયતના તલાટીઓ હાજર મળી આવ્યા હતા. પણ કેટલીક ગ્રામ પંચાયતોમાં તલાટીઓની બદલી થયેલ હોવાથી તલાટીના ફેરણી કાર્યક્રમમાં બોર્ડ અદ્યતન કરવામાં આવ્યા ન હતા. તેઓને તાત્કાલિક ધોરણપે બોર્ડ અદ્યતન કરીને મોબાઈલ નંબર દર્શાવવા સુચનાઓ આપવામાં આવી હતી. તેમજ ગ્રામ પંચાયતનુ તમામ રેકર્ડ ગ્રામ પંચાયત કચેરી ખાતે નિભાવવા તાકિદ કરવામાં આવી હતી. જયારે અમુક ગ્રામ પંચાયત કચેરીમાં તથા તેની આસપાસ સ્વચ્છતાંનો અભાવ જોવા મળ્યો હતો. જેથી સ્વચ્છતાં રાખવા તથા હવે પછી ટીમની આકસ્મિક તપાસ દરમિયાન તલાટી કસુરવાર જણાશે તો તેની સામે નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ કાલોલ તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ.

# વર્ષ ૨૦૨૩-૨૪ માટે પંચમહાલ જીલ્લાના બાગાયતદારો માટે બાગાયત ખાતાની નવી સહાય યોજના માટે અરજી કરી શકાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લામા ‘‘ફળપાક ઉત્પાદન વધારવાના કાર્યક્રમ’’ યોજના હેઠળ જીલ્લાના ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ પર તા.૧૮/૦૭/૨૦૨૩ થી ૧૭/૦૮/૨૦૨૩ સુધી ઓનલાઇન અરજી કરી શકે છે. પંચમહાલ જીલ્લાના બાગાયતી ખેતી કરતા સામાન્ય ખેડુતો, અનુસુચિત જન જાતી તથા અનુજાતીના ખેડુતોએ આઇ ખેડુત પોર્ટલ પર ઓનલાઇન અરજી નિયત સમય મર્યાદામાં કરવા જણાવવામાં આવે છે. સદર યોજનામાં આંબા, જામફળ તથા કેળ પાકના વાવેતર માટે સહાયનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ યોજનામાં આંબા અને જામફળ માટે ખાતા દિઠ વધુમાં વધુ ૨ હેકટરની મર્યાદામાં આંબા માટે ઓછામા ઓછી ૪૦૦ કલમો પ્રતિ હેકટર માટે કલમ દિઠ રૂ.૧૦૦ અથવા થયેલ ખર્ચ પૈકી જે ઓછુ હોય તે ધ્યાને લઈ રૂ.૪૦૦૦૦/- હે.તેમજ પ્રથમ વર્ષે અન્ય બાગાયતી પાકોને આંતરપાક તરીકે વાવેતર કરવામાં આવે તો પ્લાંટીગ મટેરીયલ્સ ખર્ચના ૫૦% લેખે અથવા રૂ.૧૦૦૦૦/- હે. બે માથી જે ઓછુ હોય તે મળવાપાત્ર રહેશે. જામફળ માટે કુલ ૫૫૫ કલમોના રોપા/હે. માટે કલમ દિઠ રૂ.૮૦ અથવા થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તે ધ્યાને લઈ રૂ.૪૪૦૦૦/- હે. તેમજ પ્રથમ વર્ષે અન્ય બાગાયતી પાકોનુ વાવેતર આંતરપાક તરીકે કરવામાં આવે તો ખર્ચ ૫૦% લેખે અથવા રૂ.૬૦૦૦/હે. બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહે છે. કેળ પાક માટે જે ખેડુતને લાભ લેવાનો વિસ્તાર પુર્ણ થયેલ છે તેવા ખેડુતને ટીસ્યુ રોપા દિઠ રૂ.૫ અથવા થયેલ ખર્ચ ધ્યાને લઈ મહત્ત્વ રૂ.૧૫૦૦૦/હે. બે માંથી જે ઓછુ હોય તે મળવાપાત્ર રહેશે. ઉક્ત યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા જીલ્લાના ખેડુતોએ ઓનલાઈન અરજી કરી સાધનીક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, જીલ્લા સેવાસદન-૨, બીજો માળ, રૂમ નંબર ૯-૧૨, ગોધરા જીલ્લો પંચમહાલ ખાતે મોકલી આપવા નાયબ બાગાયત નિયામક ગોધરા, પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગરબાડાના નવાતરિયા ગામે પેટ્રોલ ભરેલ ટેન્કર ફસાયુ

ગરબાડા,

ગરબાડા-દાહોદ નેશનલ હાઈવેનુ નવીનીકરણ કરવાનુ કામ ચાલી રહ્યુ છે ત્યારે ગરબાડાના નવાતરિયા પાસે પેટ્રોલનુ ટેન્કર ફસાઈ ગયુ હતુ.

ગરબાડાના નવાતરિયા ફળિયા પાસે હાલ ગરબાડા-દાહોદ નેશનલ હાઈવેની કામગીરી ચાલી રહી છે. તા.૧૬મી એ એક ખાલી પેટ્રોલનુ ટેન્કર રોડ પાસે ચાલકે સાઈડમાં ઉભુ રાખ્યુ હતુ. ત્યારબાદ વરસેલા વરસાદના કારણે આ ટેન્કર રોડની સાઈડમાં ઉતરી ગયુ હતુ. જેના કારણે ટેન્કર કાદવમાં ફસાઈ ગયુ હતુ.જેને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યુ હતુ. જયારે તાલુકાના ભાભરા રોડ પાસે ધારાસભ્યની ઓફિસ આગળ પણ ભુવો પડેલ જોવા મળ્યો હતો. જેને તાકિદે પુરી દેવાની ગ્રામજનોએ માંગ કરી છે.

# ઝાલોદ પોલીસે ઘરફોડ ચોરીના ગુનેગારને ઝડપી પાડી સફળતા મેળવી



ઝાલોદ,

ઝાલોદ પોલીસ ૧૮-૦૭-૨૦૨૩ ના રોજ આઈ.ટી.આઈ. બાયપાસ પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે દરમ્યાન પી.એસ.આઇ જી.બી.રાઠવાને ઘરફોડ આરોપી ત્યાથી નિકળનાર છે. તેવી બાતમી મળેલ હતી તેથી પી.એસ.આઇ રાઠવા દ્વારા પોલીસ સ્ટાફને સાથે રાખી ચેકિંગની કાર્યવાહી કડક હાથે લીધી હતી. તે દરમ્યાન ઘરફોડ ચોરીનો આરોપી જેમાલભાઇ દિતાભાઈ વહોનીચા,રહે. પલાસડોર કુડીયા ફળીયુ, તા.થાંદલા, જી.ઝાબુઆ (મધ્યપ્રદેશ) આઇ.ટી.આઇ પાસે ઝડપી પાડી સફળતા મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પંચમહાલ જીલ્લા દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું



ગોધરા,

ગાંધીનગર તા.૧૦/૦૭/૨૦૨૩ના રોજ TET-1-2 અને TAT-1 પાસ ઉમેદવારોની ભરતી જ્ઞાન સહાયક ૧૧ માસ કરાર આધારિત કરવા જઈ રહ્યું છે. એ આપણા રાજ્યના શિક્ષણ પર ખૂબજ માઠી અસર થઈ રહી છે. ઠરાવમાં જણાવ્યા મુજબ ‘‘જ્ઞાન સહાયક’’ની ભરતી TET અને TATની પરીક્ષા આધારિત થવા ની છે. તો જો કરાર આધારિત ભરતીનું આયોજન થઈ શકતું હોય તો કાયમી ભરતીનું આયોજન કેમ ના થાય, દરેક વિદ્યાર્થીઓ માટે આ એક મહત્વનો પ્રશ્ન છે. આપ સરકારની અમારી નમ્ર અરજ છે કે રાજ્યના તમામ વિદ્યાર્થીઓ અને ઉમેદવારોના ભાવીની ચિંતા કરી રાજ્ય સરકારની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા ઠરાવ રદ કરી જૂની નિમણુક પદ્ધતિ પ્રમાણે TET-1-2 અને TAT-1,2 માં પાસ થયેલ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવરોને વહેલી વહેલી તકે ભરતી પ્રસિદ્ધ કરી કાયમી નિમણુંક આપવામાં આવે એવી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પંચમહાલ જીલ્લાની સ્પષ્ટ માંગ છે.

# કાલોલ ગોમા નદીના બ્રીજ ઉપર કાર ચાલકે અચાનક બ્રેક મારતાં બાઈક પાછળ અથડાતાં ચાલકને ગંભીર ઈજાઓ

કાલોલ,

કાલોલ ગોમા નદીના બ્રિજ ઉપર કાર ચાલકે પોતાનું વાહન પુર ઝડપી હંકારી સાઇડ બદલી બ્રેક મારી દેતાં પાછળ આવતી બાઇક અથડાતાં બાઇક ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ ગોમા નદીના બ્રીજ ઉપરથી કાર નંબર જી.જે.૨૧સી.એ. ૪૨૧૭ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અચાનક સાઇ બદલીને ગાડીને બ્રેક મારી ઉભી રાખી દીધી હતી જેને લઇ પાછળ આવતી બાઇક નં.જી.જે.૧૭ બી.ક્યુ. ૪૬૯૮ ના ચાલક કાર પાછળ અથડાઇ જતાં બાઇક ચાલક અલ્પેશભાઇ પરમાર રોડ ઉપર પડી જતાં ડાબા હાથે,પગે તેમજ આંખના ભાગે ગંભીર ઈજાઓ થતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# લુણાવાડા ટેલિકોમ એકસચેન્જ પાછળ દુર્ગંધ મારતા પાણીને લઈ રહિશો પરેશાન

મલેકપુર,

લુણાવાડામાં ટેલિફોનીક એકસચેન્જ પાછળ પાલિકા તંત્રની બેદરકારીના કારણે ગંદકીથી રહિશોને રોગચાળાનો ભય ફેલાયો છે. લુણાવાડા નગરપાલિકા દ્વારા ગટર લાઈન રિપેરીંગ અંગે યોગ્ય કામગીરી ન કરવામાં આવતા ટેલિફોનીક એકસચેન્જ પાછળના વિસ્તારમાં રહિશોમાં રોગચાળાનો ભય ફેલાયો છે.

લુણાવાડામમાં ધોળી રોડ પર ટેલિફોન એકસચેન્જની પાછળના ભાગે મારૂતિ નંદન નગર સોસાયીમાં નગરપાલિકા દ્વારા ગટરલાઈન રિપેરીંગ અંગે યોગ્ય કામગીરી ન કરવામાં આવતા ગંદા પાણીનો ભરાવો થયો છે. જેના કારણે ગંદકીનુ સામ્રાજય ફેલાયુ છે. ભયંકર દુર્ગંધના કારણે રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ગંદકીના કારણે આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગો ફેલાવવાની શકયતા વધી છે. પાલિકા તંત્રના જવાબદાર અધિકારીઓ ગટર રિપેરીંગ કે આ દુષિત પાણીના નિકાલની કામગીરી કરાવતા નથી ત્યારે સત્વરે આ અંગે કામગીરી થાય તેવી રહિશોની માંગ ઉઠવા પામી છે અને સાથે આરોગ્ય વિભાગ પણ આ વિસ્તારમાં રોગચાળા અંગે સર્વેની કામગીરી કરી દવા છંટકાવ કરે તેવી સ્થાનિકોની રજુઆત છે.

# ભારે વરસાદના કારણે પરિવહન સેવા થઈ પ્રભાવિત, એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ

રાજકોટ,

ગુજરાતમાં સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં જાણે આભ ફાટ્યુ છે. અનેક વિસ્તારો જળ મગ્ન થઈ ગયા છે. નાના મોટા અનેક માર્ગો જળ મગ્ન થઈ ગયા છે. ત્યારે ભારે વરસાદના કારણે પરિવહન સેવા પ્રભાવિત થઈ છે. ભારે વરસાદના પગલે મુસાફરો મુશ્કેલીમાં ન મુકાય તે માટે એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોને જોડતી બસોની ટ્રીપ રદ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્રમાં અલગ અલગ જિલ્લામાં પડી રહ્યો છે. સૌથી વધુ ગીર સોમનાથ જિલ્લામાં જાણે આભ ફાટ્યુ છે. માંગરોળ, માળિયા હાટિના સહિતના વિસ્તારોમાં ૨૨ ઈંચ જેટલો વરસાદ પડતા જન જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે. કેટલાક વિસ્તારો તો જાણે બેટમાં ફેરવાઇ ગયા છે. વેરાવળ-કોડીનાર હાઈવે વરસાદી પાણી ભરાતા બંધ કરવાની ફરજ પડી છે. અન્ય કેટલાક માર્ગો પર પણ પાણી ભરાયા છે. જેના પગલે ગુજરાત એસટી વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. એસટી બસની સૌરાષ્ટ્ર તરફની કેટલીક ટ્રીપ રદ કરવાનો નિર્ણય લીધો છે. ભારે વરસાદના કારણે ખાસ કરીને સૌરાષ્ટ્રના વિવિધ રુટની પરિવહન સેવા પ્રભાવિત થઈ છે. સુત્રાપાડા , તાલાળા , માળિયા હાટીના , માંગરોળ, કેશોદ, ધોરાજી તરફ જતી એસટી બસ સેવા પ્રભાવિત થઈ છે. એસટી વિભાગે બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ કરી છે. સૌરાષ્ટ્રમાં અત્યારે વરસાદના કારણે હાલ બેહાલ છે.

અમરેલીની ૧૦ અને જામનગર, દ્વારકા અને સોમનાથની ૨ ટ્રીપ રદ કરવામાં આવી છે. જો કે જરૂર જણાય ત્યાં વધુ બસ સેવા બંધ અને શરૂ કરવામાં આવી શકે છે. વરસાદી વાતાવરણ છે તેવા વિસ્તારોમાં બસ ચલાવતા ડ્રાયવર-કંડકટર અને ડેપો મેનેજરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. કોઝ વે કે પાણી ભરાયા હોય તેવા જોખમી સ્થળ પર બસ નહીં લઈ જવા સૂચના આપવામાં આવી છે. તેમજ અમદાવાદના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ પરથી જીપીએસ અને જીઓ ફેન્સથી બસ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો કે માંગરોળ અને વેરાવળમાં વરસાદના પગલે એસટી ડેપો પર વીજળી ડુલ થઈ ગઈ છે. વીજળી ન હોવાથી કંટ્રોલ રૂમ સાથેનું સીસીટીવી કનેકશન ખોરવાઇ ગયા છે. જોકે મોબાઈલ મારફતે કર્મચારી સતત સંપર્કમાં છે.

# દાહોદ જીલ્લા વિજ્ઞાન મંડળ દ્વારા સન્માન સમારંભની સામાન્ય સભા યોજાઈ

દાહોદ,

દાહોદ જીલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન મંડળ દ્વારા સન્માન સમારંભ અને સામાન્ય સભા જીલ્લા શિક્ષણ અધિકારી સુરેશ એચ. મેડાના અધ્યક્ષ સ્થાને લિટલ ફલાવર સ્કૂલમાં સવારે ૧૧:૦૦ કલાકે તા.૧૯/૭/૨૦૧૩ ના રોજ યોજાય જેમાં જીલ્લા શિક્ષણ નિરીક્ષક રાકેશભાઈ ભોકણ આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ લોક વિજ્ઞાન કેન્દ્રના સંયોજક કૃતાર્થ જોશી લાયન્સ રીજયન ચેરમેન લાયન અનિલ અગ્રવાલ વિદ્યાર્થી વિજ્ઞાન મંથનના સ્ટેટ કોર્ડીનેટર પંકજકુમાર દરજી સંકુલ સંયોજક જે.જે. પટેલ તેમજ મંત્રી કે.ડી. લીમ્બાચીયાની ઉપસ્થિતિમાં યોજાયો જેમાં ૧૫ નિવૃત થતા ગણિત-વિજ્ઞાન શિક્ષકો-આચાર્યઓનું અને વિશિષ્ટ સિદ્ધિ ધરાવતા ૧૫ શિક્ષક મિત્રો અને આચાર્યઓનો મોમેન્ટો સાલ અને બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું. સામાન્ય સભાની એજન્ડા પ્રમાણે મંત્રી કે ડી લિમ્બાચીયા દ્વારા કાર્યવાહી કરવામાં આવી અને સર્વાનુંમતે હિસાબ મંજુર કરવામાં આવ્યા. સ્ટેટ કોર્ડીનેટર પંકજભાઈ દરજી દ્વારા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન, વિજ્ઞાન ગુર્જરી અને ભારતીય વિજ્ઞાન સંમેલનની માહિતી આપવામાં આવી જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા વિજ્ઞાન મંડળ સાથે રહીને જીલ્લાનું બોર્ડનું પરિણામ કઈ રીતે ઊંચું લાવી શકાય તે અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલનએ પ્રકાશ રાઠોડ દ્વારા અને આભાર વિધિ રાજેશભાઈ જાદવ દ્વારા કરવામાં આવી હતી.

# આપની આજ.......

મેષ : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

વૃષભ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

મિથુન : આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો.

સિંહ : જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે. પરંતુ ચિંતા કરશો નહીં.

કન્યા : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો. આજે ડહાપણથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

તુલા : આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક : આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધનુ : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

મકર : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે.

કુંભ : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે જે સાંજે મુશ્કેલીનું કારણ બની શકે છે.

મીન : આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે.

# સંજેલી તાલુકામાં વાણીયાઘાટી પ્રાથમિક શાળામાં ધોરણ ૨ થી ૫ ના વિદ્યાર્થીઓ ખાનગી મકાનોમાં અભ્યાસ કરવા મજબૂર બન્યા



- અગાઉ જર્જરીત ઓરડાની દિવાલ તૂટી પડી હતી રવિવાર હોવાથી શાળા બંધ હોવાના કારણે મોટી જાનહાની તળી
- વાણીયાઘાટી પ્રા.શાળામાં ધોરણ એક થી પાંચ ના ૬૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.
- ૫ ને બદલે ફક્ત એક જ રૂમ તેમાં બાલ વાટિકાના છોકરાઓ અભ્યાસ કરે છે.
- આદિવાસી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને જર્જરીત ઓરડાના કારણે અભ્યાસ કરવા મજબૂર?

સંજેલી, સંજેલી તાલુકાના વાણીયાઘાટી પ્રાથમિક શાળામાં ૧ થી ૫ ધોરણ આવેલા છે. જેમાં ફક્ત એક જ રૂમ અને એક જર્જરીત ઓરડો અન્ય ધોરણ ૩,૪,૫ ના વિદ્યાર્થીઓ ખાનગી મકાનમાં ચાલે છે. સંજેલી તાલુકાના વાણીયાઘાટી પ્રાથમિક શાળામાં ધોરણ ૨ થી ૫ ના વિદ્યાર્થીઓ ખાનગી મકાનોમાં અભ્યાસ કરવા મજબૂર બન્યા. શિક્ષણ થકી વૈજ્ઞાનિકો ચાંદ પર પહોંચી ગયા પરંતુ જમીન પર શિક્ષણ માટે ઝઝૂમતા આદિવાસી બાળકો માટે આજે પણ શાળામાં ઓરડાનો અભાવ છે. વાણીયાઘાટી પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૫ ના ૬૭ જેટલા વિદ્યાર્થીઓ ની સંખ્યા આવેલી છે. જેમાં ધોરણ ત્રણ-ચાર પાંચ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે ઓરડાની સુવિધા ન હોવાના કારણે શાળા થી ૫૦૦ મીટર દૂર ડુંગરની ભીત પર આવેલ ખાનગી મકાનમાં વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા મજબૂર બન્યા. આદિવાસી વિદ્યાર્થીઓને ભણવું છે, પણ પૂરતી સુવિધાનો આજે પણ અભાવ જોવા મળી રહ્યો છે. હાલ ધોરણ ૧ થી ૫ ના પાંચ ઓરડાને બદલે ફક્ત એક જ ઓરડો જેમાં પણ બાલવાટિકા અને ધોરણ એકના નાના ભૂલકાઓને અભ્યાસ કરાવવામાં આવે છે. જ્યારે ૩ થી ૫ના વિદ્યાર્થીઓને શાળાથી દૂર ચાલીને જંગલની ઝાડીમાં એક ખાનગી મકાનમાં ૫૨ જેટલા વિદ્યાર્થીઓને ખાનગી મકાનમાં અભ્યાસ કરવા માટે મજબૂર બન્યા છે.આ બાબતે શિક્ષક દ્વારા માહિતી આપવામાં આવી છે કે જર્જરિત ઓરડા બાબતે આગળ જાણ કરવામાં આવી છે. ઓરડો તોડવાની મંજૂરી તો મળી છે, પણ નવીન બાંધકામ કરવાની મંજૂરી હજી સુધી મળી નથી.

## બાળકોના શિક્ષણની ચિંતા કરી અમે મફત ઘર આપ્યું છે

ઓનલાઈન શિક્ષણ ટેકનોલોજીનો યુગ છતાં શાળાના ઓરડા નથી પૂરતી શિક્ષણની સુવિધા મળતી નથી. નીચે બેસી અમારા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સરકાર ધ્યાન આપે અને જલ્દી સારી શાળા બનાવે એ જ મારી માંગ છે. અમે મફત અમારૂં ઘર આપ્યું છે, કોઈ ભાડું લેતા નથી. અમે ગ્રામજનો દ્વારા તાલુકા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરી છતાં પણ તંત્ર દ્વારા કોઈ યોગ્ય જવાબ મળ્યો નથી.

# દાહોદ ગોદી રોડ હાતીમી એપાર્ટમેન્ટના બંધ મકાનમાંથી દાગીના અને રોકડની ચોરી કરતાં તસ્કરો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ શહેરમાં આવેલ ભરચક એવા ગોદી રોડ વિસ્તાર ખાતે હાતીમી એપાર્ટમેન્ટમાં ગતરોજ રાત્રિના સમયે અજાણ્યા ચોર ઈસમોએ એપાર્ટમેન્ટના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી અંદાજે કુલ રૂપિયા દસ લાખ ઉપરાંતની મત્તાની ચોરી કરી લઈ નાસી જતા પંથકમાં ચર્ચા સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના મોદી રોડ વિસ્તાર ખાતે આવેલ હાતિમિ એપાર્ટમેન્ટમાં રહેતા નફીસા ઈસ્માઈલ રાણાપુરવાલા તથા તેમના પરિવારજનો હાલ જ્યારે મોહરમનો તહેવાર ચાલતો હોય તેઓ અને તેઓના પરિવારજનો મકાનને તાળું મારી રાત્રિના ૯:૦૦ વાગ્યા પછી કથામાં ગયા હતા. ત્યારે મોકાનો લાભ લઈ અજાણ્યા તસ્કરો દ્વારા નફીસાબેનના બંધ મકાનને રાત્રિના દસથી બે વાગ્યાના સમયગાળા દરમિયાન મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મૂકી રાખેલ સોનાના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી અંદાજે દસ લાખ રૂપિયાની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. નફીસાબેન તથા તેમના પરિવારજનો કથામાંથી પરત આવતા પોતાના મકાનો દરવાજો ખુલ્લો જોતા ચોકી ગયા હતા અને પોતાના મકાનમાં ચોરી થઈ હોવાનું માલુમ ફરતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. રાત્રિના સમયે આ ઘટનાની જાણ સ્થાનિક કાઉન્સિલરને કરવામાં આવતા કામ કાઉન્સિલર પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. ચોરીની ઘટનાને પગલે વિસ્તારમાં લોક ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી તસ્કરોને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ હુઠી કંકાસીયા રોડ પર મારૂતિધામ સોસાયટીના વળાંકમાં કચરાના ઢગલાં


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, ઝાલોદ હુઠી કંકાસીયા રોડ પર વણક તળાઈ મંદિરના વળાંકની સામેના રસ્તાની અંદર બાજુ મારૂતિધામ સોસાયટી તેમજ અન્ય સોસાયટીમાં આવન જાવનનો રસ્તો આવેલ છે. આ સોસાયટીઓમાં જવા માટે વળાંકમાં જ નગરપાલિકાની કચરાપેટી મુકેલ જોવા મળેલ છે. આ કચરા પેટી સરકારી વસાહતની દિવાલ તોડી મુકવામાં આવેલ છે.

આ ગંધ મારતી કચરાપેટીની આજુબાજુ મોટા પ્રમાણમાં છુટો છવાયો કચરો પડેલ જોવા મળેલ છે, તેમજ ચોમાસુ હોવાથી પાણીના ખાબોચીયા ભરાયેલ પણ જોવા મળેલ છે.

આ કચરાપેટીની અંદર થી તેમજ બહાર પડેલ કચરો વરસાદી પાણી પડતાં ત્યાં ગંદકી વકરી હોય તેમ લાગી રહ્યું છે. આ કચરા માંથી વાસ આવવા લાગી છે, તેમજ ત્યાં ખાબોચિયાઓ મા પાણી ભરાતા મચ્છરોનો ઉપદ્રવ વધી રહેલ હોય તેવું લાગી રહેલ છે. જવાબદાર તંત્ર દ્વારા સત્વરે જાગૃત થઈ આ વિસ્તારની ગંદકી તેમજ કચરાપેટીનો કચરો ઉઠાવી સાફ સફાઈ કરવી જોઈએ તેવું અહીંના રહીશોની માંગણી છે. વર્ષા ઋતુને ધ્યાનમાં લઈ જલ્દી થી જલ્દી સાફ સફાઈ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. નહિતો આ કચરાને લીધે તેમજ પાણીમાં ભરાયેલ મચ્છરોને લીધે રોગચાળો પણ ફાટી નીકળી શકે છે તો આ અંગે જવાબદાર તંત્ર તાત્કાલિક ધોરણે સફાઈ કરાવી રસ્તો ચોકખો કરે તેવી માંગ ઉઠવા પામી છે.

આ ફેલાયેલ કચરા તેમજ પાણીના ખાબોચીયા ભરાયેલ પાણીને લઈ પાણી જન્ય રોગચાળો ના ફાટી નીકળે તેમજ આ અંગે જવાબદાર તંત્ર આંખ આડા કાન કર્યા વગર પૂરતું ધ્યાન આપી સાફસફાઈ કરાવે તેવી માંગણી ઉઠવા પામી છે.

# સંજેલીમાં ભીલ પ્રદેશની માંગ સાથે ભીલ પ્રદેશ મુક્તિ મોરચાએ મામલતદારને આવેદન પાઠવ્યું



દાહોદ, ભિલપ્રદેશ મુક્તિમોરચા સંજેલી દ્વારા રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, ગૃહમંત્રીને સંબોધીને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં જણાવ્યું હતું કે, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર આ ચાર રાજયોમાં આદિવાસી બાહુલ્ય વિસ્તાર ધરાવે છે. આદિવાસીઓના હક્કો અધિકારો, બંધારણમાં અનુસૂચિ ૫ અને અનુસૂચિ ૬ પેસા એક્ટ થી આદિવાસી સમાજ વંચિત નહિ રહે તેમજ આદિવાસી સમાજ અલગ પોતે સાંસ્કૃતિક રીત સામાજીક રિવાજોની રીતે શોષણ નહિ થાય અને આદિવાસી સમાજની જીવન જીવવાની જીવનશૈલીને મુજબ જીવન જીવે અને આદિવાસી સમાજ પ્રકૃતિને આધીન જીવન જીવી રહ્યા છે, તો તેમના વિસ્તારને અનુરૂપ આદિવાસી સમાજને તેના હક્કો અધિકારો સાથે આ એક અલગ ભીલપ્રદેશ દેશની માંગણી સાથે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમાં આ ચાર રાજયો એમાં આદિવાસી સમાજની સંખ્યા વધારે હોવાથી આ ચાર રાજયની એક અલગ પ્રદેશ અને માંગણી કરવામાં આવી હતી તેમાં દરેક જીલ્લાના તાલુકાઓમાં મામલતદારને આવેદન આપ્યું હતું અને તે રાષ્ટ્રપતિ સુધી પહોંચાડે તેવી વિનંતી પણ કરી હતી. તેમ આ રાજ્યોમાં દરેક જગ્યાએ તાલુકામાં જ્યાં આદિવાસી વિસ્તાર છે, ત્યાં દરેક વિસ્તારના આદિવાસીઓએ પોતાના તાલુકામાં આપી અને પ્રદેશની માંગણી કરી હતી. તેમાં મામલતદારને આવેદન પત્ર આપી અને કહેવામાં આવ્યું હતુ કે આદિવાસીઓના હક્ક અને અધિકારો બંધારણ પ્રમાણે અધિકારો મળેલા છે, એનો તે કાયમ માટે જળવાઈ રહે તે માટે એક અલગ પ્રદેશ રાજયની માંગ હતી.

# ભીલ પ્રદેશની માંગ સાથે ગરબાડા તાલુકા ભીલ પ્રદેશ મુક્તિ મોરચાએ મામલતદારને આવેદન પાઠવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા, ગરબાડા તાલુકામાં ભીલપ્રદેશ મુક્તિ મોરચા દ્વારા દ્વારા ગરબાડા મામલતદારને રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, અને ગૃહ મંત્રીને સંભોધીને આવેદન એનાયત કર્યું હતું. અપાયેલાં આવેદનમાં આદિવાસી સમાજ આદિવાસી વિસ્તારને ભીલ પ્રદેશ તરીકે વિક્ષિત કરવામાં આવે. વર્ષો પહેલા પણ ૧૯મી સદીમાં આઝાદી પહેલા પણ સતી સુરમલ અને ગોવિંદ ગુરૂ દ્વારા પણ ભીલરાજની માંગણીઓ કરી હતી. જયારે રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહાષ્ટ્રમાં વસવાટ કરતા વિસ્તારોને ૧૮૪૪માં ભીલ કન્ટ્રી તરીકે અંગ્રેજો દ્વારા પરિભાષિત કરવામાં આવ્યો હતો. આદિવાસી સમાજ અલગ રાજયની માંગ કરાઈ હતી. જેથી વૈચારિક અને ભૌગોલિક રીતે ભીલ પ્રદેશ અલગ દ્વારા રાજયની માંગ તેમજ અત્યારે ગુજરાત રાજ્ય તેમજ ભારતભરમાં UCC કાયદાની ચર્ચા વિચારણા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે, તે મુદ્દે પણ વિરોધ નોંધાવતા જણાવ્યું કે આદિવાસી સમાજને આ કાયદા થી બાકાત રાખે સાથે આદિવાસી વિસ્તારમાં સરકાર તેમજ સરકારી તંત્ર દારૂબંધીનો અમલ કરે તેવી માંગ ભીલ પ્રદેશ મુક્તિ મોરચા, ગરબાડા દ્વારા કરવામાં આવી છે.

# ઓલ ઈન્ડિયા જમીયતુલ કુરેશની સામાજીક મિટિંગ યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, તા.૧૮/૭/૨૩ મંગળવારના રોજ દાહોદ મુકામે ઓલ ઈન્ડિયા જમીયતુલ કુરેશ ગુજરાત પ્રદેશ તથા કુરેશ જમાત દાહોદ દ્વારા સામાજીક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું આ મિટિંગનું મુખ્ય ઉદ્દેશ્ય કુરેશ સમાજમાં શિક્ષણ પરીવર્તન અને સંગઠન ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ મીટીંગ મા સમાજને પડતી તકલીફો રોજગાર લાઈસન્સ તથા અન્ય મુશ્કેલીઓ અને ખાસ કરીને એકતા અને શિક્ષા દિન અને દુનિયાવી તાલીમ તથા સંગઠન ના રચના પર વધારે પડતું જોર આપવામા આવ્યું હતું. સમાજ આર્થિક રીતે સમૃદ્ધ અને સક્ષમ બને તેની ઉપર મીટીંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# દાહોદના સબરાળા ગામેથી ઘરમાં રાખેલ ૨૯ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

દાહોદ, દાહોદ તાલુકાના સબરાળા ગામના બુટલેગરના કબજાના રહેણાંક મકાનમાં ધમધમતી વિદેશી દારૂની હાટડી પર ઓચિંતો છાપો મારી દાહોદ તાલુકા પોલીસે રૂપિયા ૨૯,૮૫૬ ની કુલ કિંમતનો વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એન. પરમાર પોતાના સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે લઈ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં રાતે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઈન્ચાર્જ પીઆઈ એન.એન. પરમારને બાતમી મળી હતી કે સબરાળા ગામના ડાંગી ફળિયામાં રહેતા જીતેનભાઈ રાજુભાઈ વણઝારા નામના બુટલેગરના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ-બીયરનો જથ્થો હોઈ તે ખુલ્લે આમ વેચાણ કરે છે. જે બાતમીના આધારે દાહોદ તાલુકા પોલીસની ઉપરોક્ત ટીમે મોડી રાતના પોણા બે વાગ્યાના સુમારે સબરાળા બુટલેગર જીતેનભાઈ રાજુભાઈ રણઝારાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારી મકાનમાંથી રૂા.૨૯,૮૫૬/- ની કુલ કિંમતના ભારતીય બનાવટના ઈંગ્લીંશ દારૂ તથા બીયરની કુલ બોટલ નંગ-૨૪૦ પકડી પાડી કબજે લીધી હતી. જયારે પોલીસની રેડ વખતે બુટલેગર જીતેનભાઈ વણઝારા ઘરે હાજર ન હોવાથી પોલીસ તેને પકડી શકી ન હતી. આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં સ્વચ્છતા સર્વેક્ષણ કેન્દ્ર સરકાર દ્વારા મુલ્યાંકન કરાશે



દાહોદ, દાહોદ જીલ્લામાં ૨૫મી ઓગષ્ટ સુધી સ્વચ્છતા સર્વેક્ષણ કેન્દ્ર સરકાર દ્વારા નિયુકત કરાયેલ એજન્સી દ્વારા મુલ્યાંકન કરાશે.

કેન્દ્ર સરકારના જળશકિત મંત્રાલય હેઠળના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દાહોદ જીલ્લામાં ૧૮ જુલાઈ થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩ અંતર્ગત ફિલ્ડ વેરીફીકેશન હાથ ધરાશે. કેન્દ્રના જળશકિત મંત્રાલય હેઠળના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩ એક જન આંદોલન સ્વરૂપે યોજાશે. જે સર્વેમાં કેન્દ્રે નિયુકત કરેલ એજન્સી સ્વચ્છતાના સ્તરનું સર્વગ્રાહી મુલ્યાંકન કરાશે.

ગામડાઓમાં તમામ જાહેર સ્થળોની મુલાકાત કરી સ્વચ્છતાની કામગીરી અંગે અભિપ્રાયો મેળવી મુલ્યાંકન કરશે. ઉચ્ચ ગુણાંક મેળવેલ ગામો જીલ્લા અને રાજયને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ અપાશે.


ઝાલોદ નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક અવેરનેસ અભિયાન અંતર્ગત બી.એમ.હાઈસ્કૂલમાં પ્રોગ્રામ કરવામાં આયો. જેમ મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા. Lucro Plastecycle Pvt. Ltd ના કર્મચારી દ્વારા પ્લાસ્ટિક અવેરનેસ વિષે માહિતી આપવામાં આવી હતી. જેમાં નગરપાલિકા કર્મચારી તથા શાળાના કર્મચારીઓ જોડાયા હતા.

# લીમખેડાના દુધિયા અને કોઠરા ગામે નલ સે જલ યોજનાના કોન્ટ્રાકટર દ્વારા આડેધડ ખોદકામ કરાતા ખેતરોમાં વ્યાપક નુકસાન

લીમખેડા, લીમખેડા તાલુકાના દુધિયા તથા કોઠરા ગામમાં નલ સે જલ યોજના અંતર્ગત કોન્ટ્રાકટર દ્વારા ખેડુતોના ખેતરોમાં જેસીબી મશીન દ્વારા પાણીની પાઈપલાઈન નાંખવા માટે આડેધડ ખાડાઓ ખોદી નાંખવામાં આવ્યા હતા. તેમજ ખાડાઓ ગટરોમાં પાઈપલાઈન નાંખ્યા બાદ કોન્ટ્રાકટર દ્વારા યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યુ નહિ હોવાથી દુધિયા તથા કોઠરા ગામના અનેક ખેડુતોના ખેતરોમાં વ્યાપક પ્રમાણમાં ધોવાણ થયુ છે. ખેતરોના શેઢા પણ તોડી નાંખી યોગ્ય રીતે બાંધવામાં આવ્યા નહોતા. કોન્ટ્રાકટરની નિષ્કાળજીના કારણે દુધિયા તથા કોઠારા ગામના અનેક ખેડુતોને વ્યાપક નુકસાન સાથે મુશ્કેલી સર્જાઈ છે. આ બાબતે ખેડુતોના ખેતરોમાં તાલુકા વહીવટી તંત્ર દ્વારા સર્વે કરાવી થયેલ નુકસાનનુ વળતર ચુકવવા લીમખેડા વહીવટી તંત્રને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે.

# સીંગવડના આંબલીયા ગામે BSNL 4G નું ટાવર ઉભુ કરશે

સીંગવડ, સીંગવડ તાલુકાના મોટા આંબલીયા ગામમાં છેલ્લા કેટલાય સમયથી મોબાઈલ કનેક્ટિવિટીના અભાવે તકલીફનો સામનો જનતા કરી રહી હતી. અવાર નવાર ખાનગી કંપનીઓને ફરિયાદો તેમજ રજુઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ ઉકેલ નહિ આવતા ગામના જાગૃત નાગરિક દ્વારા બીએસએનએલને રજુઆત કરતા રજુઆતને દયાને લઈને તાત્કાલિક ધોરણે નવીન મોબાઈલ ટાવરની ફાળવણી કરી અને આદિવાસી સમાજના પવિત્ર તહેવાર એવા દિવાસાના દિવસે બીએસએનએલ વિભાગના ઉચ્ચ અધિકારીઓના હસ્તે સીંગવડ તાલુકાના મોટા આંબલીયા ગામે ખાતામુર્હુત કરવાનુ નકકી કરાયુ હતુ. દિવાસાના પવિત્ર દિવસે બીએસએનએલ દ્વારા જજીના ટાવર નિર્માણ માટે દાહોદ જિલ્લા ટેલિકોમ્યુનિકેશન અધિકારીના હસ્તે ખાતામુર્હુત કરવામાં આવ્યુ હતુ. આ જજી ટાવરના નિર્માણથી યુવાનોએ હવે ડીજીટલ યુગનો લાભ જલ્દી મળતો થશે તેવુ અધિકારીઓ સાથે થયેલા વાર્તાલાપથી સ્પષ્ટપણે જાણી શકાતો નથી. જયારે આવનાર ટુંકા સમયમાં જ બીએસએનએલ દ્વારા નેટવર્કની શરૂઆત કરી દેવામાં આવશે અને તેનો આમ જનતા લાભ લેશે તેવુ ઉપસ્થિત અધિકારી દાહોદ દ્વારા જણાવ્યુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.281

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના પસંદ પામેલા ૨૬ ગામોમાં આજથી

# કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩નો ધમધમાવટનો પ્રારંભ : ગામો વચ્ચે આંતરીક સ્પર્ધા

- રહેણાંક વિસ્તાર, શાળા, આંગણવાડી જેવી સંસ્થાઓમાં ખાનગી એજન્સી દ્વારા સર્વે
- નિરીક્ષણ બાદ ગુણાંક આપનાર હોવાને લઈને જુદા જુદા તાલુકાના કર્મચારીઓ સર્વે કામગીરીમાં જોતરાયા.
- સ્વચ્છતાના એવોર્ડ સાથે વિશેષ ગ્રાન્ટ બાબતે મૂલ્યાંકન હાથ ધરાશે.
- શૌચાલય, શોષખાડા પાણીની સુવિધા હાથ ધોવાની સુવિધા, તેમજ ઘન પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની માહિતી.



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં અનેક માપદંડો બાદ પસંદ પામેલા ૨૬ ગામોમાં આજથી કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩નો ધમધમાવટનો પ્રારંભ થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ રહેણાંક વિસ્તાર, શાળા, આંગણવાડી જેવી સંસ્થાઓમાં શૌચાલય, શોષખાડા પાણીની સુવિધા હાથ ધોવાની સુવિધા, તેમજ ઘન પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની માહિતી મેળવવા જુદા જુદા માપદંડ આધારે નિરીક્ષણ અને ગુણાંક આપનાર હોવાને લઈને જુદા જુદા તાલુકાના કર્મચારીઓ ખાનગી એજન્સીની કામગીરીમાં જોતરાયા છે. હવે આગામી સમયમાં સ્વચ્છતાના એવોર્ડ સાથે વિશેષ ગ્રાન્ટ બાબતે મૂલ્યાંકન હાથ ધરાનાર હોવાને લઈને ગામો વચ્ચે જામેલી સ્પર્ધાને લઈને વિજેતા અંગે અનેક ચર્ચાઓ પ્રજામાં જાગી છે.

પંચમહાલ જીલ્લાના ૬૩૬ પૈકી પસંદ પામેલા ૨૬ ગામોમાં સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩નો પ્રારંભ થયો છે. કેન્દ્ર સરકારના જલ શકિત મંત્રાલય હેઠળના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા જીલ્લામાં જન આંદોલન સ્વરૂપે સર્વે શરૂ થયો છે. કેન્દ્ર સરકારે સ્વપ્નદ્રષ્ટા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા ઉપર ભાર મૂકીને છેલ્લા એક દાયકાથી શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં લોક જાગૃતિ લાવવા અનેક કામગીરી હાથ ધરવામાં આવતા રહિશો સ્વયં પ્રેરણાથીને જોડાઈ રહ્યા છે. અને પંચમહાલના વહિવટી તંત્ર દ્વારા નાગરિકો સ્વચ્છતાની આદત અને રોજીંદો સ્વભાવ બને તે માટે ભરપૂર પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષની જેમ વર્ષ ૨૦૨૨-૨૩ માટે સ્વચ્છતા ગ્રામીણનો પ્રારંભ થઈ ચૂકયો છે. આ માટે નિમાયેલી ખાનગી એજન્સી મારફતે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ ફળીયા, રહેણાંક વિસ્તાર, પ્રાથમીક શાળા, પંચાયત, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્ર, ધાર્મિક તથા સામાજીક સ્થળોની મુલાકાત લઈને સ્વચ્છતા બાબતે નિરીક્ષણ કરીને જુદા જુદા માપદંડ આધારે સર્વે હાથ ધરીને ક્રમાંક આપવાનું નકકી કરાયું છે. જેમાં દરેક સ્થળોએ સ્વ્ચ્છતાલક્ષી પ્રવૃતિ, ઘન કચરાનું વ્યવસ્થાપન, ગંદા પાણીનું વ્યવસ્થાપન, મળ કાદવનું વ્યવસ્થાપન અને સ્વચ્છતા અંગે લોકજાગૃતિ ઓડીએફ ગામ અને વિવિધ કાર્યક્રમો સામૂહિક ભાગીદારી અંગેનું નિરીક્ષણ કરવામાં આવનાર છે. આથી, છેલ્લા ઘણાં સમયથી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને પંચમહાલમાં આવેલ વિવિધ તાલુકા પંચાયતના કર્મચારીઓની ટીમ દ્વારા લોકોને સ્વચ્છતા જાગૃતિ માટે કવાયત હાથ ધરવામાં આવી હતી અને તબકકાવાર પસંદ કરીને અંતે આખરે ૨૬ ગામોમાં પસંદ કરીને ટીમ પહોંચનાર હોવાને લઈને પૂર્વ તૈયારીના ભાગરૂપ દિવસો સુધી પ્રવૃતિઓ તેમજ મીટીંગોના દોર સાથે સ્થાનિક સરપંચ નેતાઓ અને આગેવાનોના સાથ સહકારથી સ્વચ્છતા સર્વેક્ષણ બાબતે સુચના સાથે અમલવારી કરાઈ હતી. જેના ભાગરૂપ ગોધરા, હાલોલ, કાલોલ, ઘોઘંબા, શહેરા, જાંબુઘોડા, મોરવા(હ)ના ગ્રામ્ય વિસ્તારોના પસંદ પામેલા ૨૬ ગામોમાં તા.૧૯ જુલાઈ થી ૨૪ જુલાઈ સુધી પાંચ દિવસ સુધી હાથ ધરાનાર સર્વે અભિયાનને લઈને જવાબદાર કર્મચારીઓની ટીમ ખાનગી એજન્સી સાથે જોડાઈ છે. આ સાથે ગ્રામજનોને નકકી કરાયેલ સંસ્થાઓની મુલાકાત દરમિયાન આગેવાનો પણ કેટલા જ આનંદભેર ભાગ લઈ રહ્યા છે. શૌચાલય, શોષખાડા પાણીની સુવિધા હાથ ધોવાની સુવિધા, તેમજ ઘન પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની માહિતી મેળવાઈ રહી છે. સાથે સાથે શૈક્ષણિક, આરોગ્ય, ધાર્મિક, સામાજીક સંસ્થાઓની સાથે સાથે સમુદાય વસવાટ ધરાવતા વિસ્તારોમાં પહેલેથી જ સ્વચ્છતા કેળવવા પૂરતી ગ્રાન્ટ તથા સામગ્રી સહાય કરવા સાથે સરકારની માર્ગદર્શન મુજબ પ્રેરણા મળે તે પ્રકારે સ્વચ્છતા જળવાઈ રહી હતી. આજથી શરૂ થયેલો સર્વેક્ષણનો ધમધમાટમાં જીલ્લાનો સ્ટાફ જોતરાયો છે અને લોકોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. જોકે, કેન્દ્ર સરકારે ગત નવેમ્બર - ૨૦૨૨ થી શરૂ કરેલ અભિયાન આગામી બીજી ઓકટોમ્બરે ૨૦૨૩ પૂર્ણ થનાર છે. દરમિયાન સર્વેના ધમધમાટ શરૂ થતાં વિવિધ ગામો વચ્ચે સ્વચ્છતા બાબતે તીવ્ર સ્પર્ધા જામી છે. કુલ ૧૦૦૦ ગુણ પૈકી ૫૦૦ ગુણ સ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ અને એમ.આઈ.એસ.ના ૫૦ ગુણ નકકી કરાયા છે. શૌચાલય, શોષખાડા પાણીની સુવિધા હાથ ધોવાની સુવિધા, તેમજ ઘન પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની માહિતી મેળવવા જે આધારે જુદા જુદા માપદંડોમાં સમાવિષ્ટ થઈને ગુણાંક મળનાર છે. તે મુજબ આગામી સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા વિકાસ અને સ્વચ્છતા બાબતે ફાળવવામાં આવનાર ગ્રાન્ટ મેળવવા અત્યારથી જ સરપંચો વચ્ચે આંતરીક હરીફાઈ જામી છે અને પ્રજામાં સ્વચ્છતા એવોર્ડ બાબતે અનેક નામોને ચર્ચાઓ વ્યાપક બની છે.



### ગોધરા તાલુકાની ટીમ દ્વારા સફળતા માટેના સઘન પ્રયત્નો

જીલ્લાના અન્ય તાલુકાની સરખામણીમાં ગોધરા તાલુકામાં ૧૦૦ ઉપરાંત ગામો માંથી ચોકકસ સ્થળો પસંદ કરવા માટે સ્વચ્છતા અંગેના વિવિધ ગુણદોષના આધારે તાલુકા પંચાયતની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવીને ગામે ગામ અને ઘરે ઘર ફરીને લોક જાગૃતિ માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. ત્યારબાદ છાવડ, દરૂણીયા, ધાણીત્રા, ઓરવાડા, બોડીદ્રા બુર્ઝગનો સમાવેશ કરાઈને આ ગામોની કેન્દ્ર સરકારનો એવોર્ડ મળે તે માટેના તાલુકાની ટીમ દ્વારા સફળ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

### જુન માસમાં સમગ્ર ભારત દેશમાં પંચમહાલ જીલ્લાનો પ્રથમ ક્રમાંક

કેન્દ્ર સરકાર દ્વારા દર માસે તબકકાવાર જીલ્લાઓની પ્રવૃતિઓ, જીઓ ટેકીંગ અને અભિપ્રાયો મંગાવવામાં આવી રહ્યા છે. જેમાં ગત જુન માસમાં પંચમહાલ જીલ્લા માંથી રોજેરોજ સ્વચ્છતાલક્ષી અભિપ્રાયો આપવામાં દેશભર માંથી સૌથી વધુ એકમાત્ર પંચમહાલ જીલ્લાએ પૂર્ણ કરી હતી. આશરે ૧૦,૦૦૦ જેટલા લોક અભિપ્રાયો આપવામાં સમગ્ર ભારત દેશમાં કુલ ૪ કેટેગરી પૈકી અભિલાષી કેટેગરીમાં સૌ પ્રથમ આવતા જીલ્લાની સ્વચ્છતા ઝુંબેશ ટીમની મહેનત રંગ લાવીને જીલ્લાને ઉચ્ચ અને ગૌરવરૂપ અપાતા ટીમનો ઉત્સાહ વધવા સાથે ગ્રામ્યજનોમાં પણ સ્વચ્છતા બાબતે એક નવો અભિગમ કેળવાયો છે.

### થર્ડ પાર્ટી વેરિફિકેશન ટીમ દ્વારા નિષ્પક્ષ કામગીરી

સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ અન્વયે થર્ડ પાર્ટી વેરિફિકેશન ટીમ દ્વારા મોબાઈલ એપ્લિકેશન દ્વારા નીચે મુજબની વિગતો ભરવામાં આવે છે. જેમાં.....

(૧) પબ્લિક પ્લેસના કુલ પૈકી ૫ પબ્લિક પ્લેસની મુલાકાત જેમાં સ્વચ્છતા, ટોયલેટ, હેંડવોશ સુવિધા પાણીની સગવડ તેમજ અલગ અલગ ૩ એંગલ થી ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવે છે

(૨) કુલ કુટુંબો પૈકી ૧૫ કુટુંબોના ઘરે જઈ શૌચાલય, શોષખાડા પાણીની સુવિધા હાથ ધોવાની સુવિધા વગેરેના ૩ એંગલ થી ફોટોગ્રાફ અને વિગત તેમજ ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની માહિતી અને ફોટોગ્રાફ.

(૩) યોજના અંતર્ગત બનાવેલ એસેટની મુલાકાત.

(૪) ગ્રામજનોના સ્વચ્છતાને લગત પ્રતિભાવો

(૫) IECને લગતા ફોટોગ્રાફ.

# મોરવા(હ)ના વાડોદર ગામમાં બાવળના ઝાડ સાથે આધેડને બાંધી મારમારતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ




મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વાડોદર ગામે રહેતા ફરિયાદીના ભાઈ ૭ દિવસ પહેલા કયાંક ઘરમાં કહ્યા વગર ચાલ્યો ગયેલ હોય અને બીજા નંબરનો ભાઈ મેથાણ ગામ જવા નિકળેલ ત્યારે વંદેલી ગામે આરોપીએ રોકીને મારમારી બાઈકની લુંટ કરી હતી. તારા ભાભઈ અમારી છોકરી ભગાડી ગયો છે. પાછી શોધી આપો તેમ કહ્યું હતું. ૧૭ જુલાઈના રોજ આરોપી ઈસમો દ્વારા ફરિયાદીના ઘરની તોડફોડ કરી મને ઘરેથી પકડી દોરડા વડે બાંધી ઝાડ સાથે બાંધીને મારમારવાના કિસ્સાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે કાર્યવાહી શરૂ કરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના વડોદરા ગામે રહેતા રમેશ વિરપતસિંહ રાઠોડના પિતા ત્રણ મહિના ગુજરી ગયેલ હોય ૩ ભાઈઓ સાથે રહેતા હોય નાનો ભાઈ દેવેન્દ્ર ઘરના સભ્યોને કહ્યા વગર ઘરથી કયાંક ચાલ્યો ગયેલ હતો. બીજા નંબરનો ભાઈ રૂબીન રાઠોડ બાઈક લઈને ચાર દિવસ પહેલા મેથાણ ગામે જવા નિકળ્યો હતો. ત્યારે આરોપી ઈસમો પકડીને મારમારી બાઈક લુંટી લીધી હતી અને તારો ભાઈ અમારી છોકરીને ભગાડી લઈ ગયો છે. તે પછી શોધી આપો તેમ કહીને માર માર્યો હતો. ૧૭ જુલાઈના રોજ આરોપીઓ સરતનભાઈ ભયજીભાઈ બારીયા, રાહુલ સરતનભાઈ બારીયા, બુધરભાઈ કાળુભાઈ બારીયા, ભયાતભાઈ કાળુભાઈ બારીયા, ભુપેન્દ્રસિંહ અમરસિંહ બારીયા, ફતેસિંહ નરસિંહ બારીયા, મહેન્દ્રભાઈ બાઘરભાઈ બારીયા, ચેતનભાઈ છત્રસિંહ બારીયા, વજેસિંહ રણછોડસિંહ બારીયા, ભીમસિંહ બારીયા, સંજયભાઈ સોમાભાઈ બારીયા, શૈલેષભાઈ સોમાભાઈ બારીયા, વિનોદભાઈ બારીયા, સાયબાભાઈ ભયજીભાઈ બારીયા, મધુબેન સરતનભાઈ બારીયા, રીન્કુબેન રાહુલભાઈ બારીયા ૧૦ વાગ્યાના સમયે ઘરે આવ્યા હતા. ઘરમાં તોડફોડ કરી ઘરનો સામાન ઘરની બહાર ફેંકી દઈ ઈંટો મારી ભારે નુકશાન કરી અને રમેશ વિપરતસિંહ રાઠોડ ફરિયાદીને ઘરેથી મારમારી પકડીને દોરડા વડે મારમારતાં ભાથીજી મંદિર પાસે બાવળીયાના ઝાડ સાથે બાંધીને ઢોર મારવામાં આવ્યો હતો. બેભાન અવસ્થામાં લોકો મોરવા(હ) પોલીસ મથકમાં કોઈ વાંક વગર જામીન લેવડાયેલ હતા. અને મને છોડી મૂકતા ૧૦૮ બોલાવીને મોરવા(હ) સારવાર કેન્દ્રમાં સારવાર કરાઈ હતી. આરોપી ઈસમો માથાભારે હોય આવનાર દિવસોમાં હુમલો કરે તેઓ ડર સાથે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પહોંચતા ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી છે. આરોપી ઈસમો દ્વારા દોરડા વડે બાંધી મારમારતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. ત્યારે ફરિયાદીને પોલીસનું રક્ષણ મળે તે માટે ફરિયાદ નોંધાવા પહોંચ્યા છે.

# પંચમહાલ જીલ્લાના ગોધરા અને કાલોલમાં બે કલાકમાં ૩ ઈંચ વરસાદ






ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા અને કાલોલ સહિત તાલુકાઓમાં સમી સાંજે કડાકા ઘડાકા અને પવન સાથે ધોધમાર વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. પંચમહાલ જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસમાં મેઘરાજાએ વિરામ લેતાં ભારે ઉકળાટ અનુભાઈ રહ્યો હતો. આજરોજ દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ સર્જાયું હતું અને સમી સાંજે કડાકા ઘડાકા અને પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. ધોધમાર વરસાદને લઈ શહેરના માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જ્યારે ખેડુતોમાં પણ આનંદ વ્યાપી જવા પામ્યો છે. કાલોલમાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ પડતા કાલોલના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. લાલ દરવાજા વિસ્તારમાં મોટા ભાગના હોસ્પિટલો આવેલ છે. ત્યાં પણ ભારે પાણી ભરાતાં ૧૦૮ ને આવા જવામાં ભારે તકલીવો ઉઠાવી પડતી હોય છે.

કાલોલ નગરપાલિકામાં પણ વરસાદી પાણી ભરાતાં ભારે જહેમતનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે હાલોલમાં એક કલાકમાં એક ઈંચ તેમજ ઘોઘંબામાં પણ એક કલાકમાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

### ઘોઘંબા તાલુકામાં ચેલાવાડા ગામે કોતર પર પસાર કરતાં ૫૦ વર્ષિય આધેડ તણાયો



ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામમાં બાબાદેવ મંદિરમાં કામ કરતો બળવંતસિંહ પરમાર સાંજના સમારે ચેલાડા થી ચંદ્રનગરની મુવાડી ગામે જતાં કોતરમાં વધારે પાણી હોવાથી પાણીમાં તણાયો હતો. જેની જાણ ગ્રામજનોને થતાં ગ્રામજનોએ શોધખોળ શરૂ કરી છે.

# શહેરામાં ખાણ ખનીજ વિભાગે જેસીબી મશીન અને ટ્રક પકડી પાડી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના નાંદરવા ગામના ડેમ વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગે ૧ જે.સી.બી. અને ૧ ટ્રક મળી અંદાજીત ૨૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથધરી હતી. તાલુકામાં ખનીજ ચોરી વધી રહ્યો ત્યારે અસરકારક કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ દ્વારા ક્યારે કરવામાં આવશે એ તો જોવુંજ બન્યું રહયું છે.

શહેરા તાલુકાના નાંદરવા ગામે ડેમ વિસ્તારમાં આવેલી અનધિકૃત જમીનમાં એક જે.સી.બી. મશીનથી ખોદકામ કરી સફેદ પથ્થર ત્યાં ઉભેલી ૧ ટ્રકમાં ભરાઈ રહ્યા હોવાની બાતમી જીલ્લા ખાણ ખનિજના અધિકારી નીરજ ગામીત અને તેમની ટીમને મળી હતી. મળેલી બાતમીના આધારે બુધવારની સવારે જીલ્લા ખાણ ખનિજના અધિકારી નીરજ ગામીત, રોયલ્ટી ઈન્સ્પેકટર હિતેશ રામાણી, પૃથ્વીરાજસિંહ ચૌહાણ તેમજ અન્ય ટુકડી સાથે નાંદરવા ગામે ડેમ વિસ્તારમાં આવેલી જગ્યાએ રેડ કરતા જેસીબી મશીનથી અનધિકૃત રીતે જમીન માંથી સફેદ પથ્થર કાઢવામાં આવ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ખાણ ખનીજ વિભાગની ટીમને જોતા જે.સી.બી. મશીન તેમજ ટ્રકવાળામાં નાસભાગ મચી જવા સાથે એક સમયે અફરાતફરીનો માહોલ પણ સર્જાયો હતો. ખાણ ખનીજ વિભાગ દ્વારા જે.સી.બી. મશીન અને ટ્રક મળી અંદાજીત રૂપિયા ૨૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી શહેરા મામલતદાર કચેરીના પટાંગણમાં લાવી આગળની દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનીય છે કે છેલ્લા ૨ માસ કરતા પણ ટૂંકા ગાળામાં જીલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા શહેરા તાલુકામાંથી પંચમહાલ જીલ્લાના અન્ય તાલુકાની તુલનામાં વધુ પ્રમાણમાં ગેરકાયદેસર સફેદ પથ્થરનું વહન કરતી ટ્રકો ઉપરાંત અનધિકૃત રીતે ખેડાણ કરતા જે.સી.બી. મશીન પકડી દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવા છતાં ખનીજ ચોરોને જાણે તંત્રનો હજુ પણ કોઈ ડર ના હોય એ રીતે રોયલ્ટી પાસ વગર દિવસ અને રાત્રી દરમિયાન ટ્રકોમાં સફેદ પથ્થર ભરીને ફેકટરીઓમાં પહોચાડી રહયા છે. રેતી અને સફેદ પથ્થરો લીઝ નહિ હોવા છતાં મોટા પ્રમાણમાં ખનીજ ચોરી થતી હોય ત્યારે મામલતદાર અને પ્રાંત અધિકારી દ્વારા પણ આ બાબતને ગંભીરતાથી લઈને આ સામે અસરકારક કાર્યવાહી તેઓ દ્વારા પણ કરવામાં આવે તો સરકારી તિજોરીને નુકસાન જતું અટકી શકે અને ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાઈ જાય તો નવાઈ નહી. હાલ તો ખાણ ખનીજ વિભાગે જેસીબી અને ટ્રક પકડી પાડી હોય ત્યારે તાલુકા પંથકમાં ખનીજ ચોરી અટકે માટે તેઓ દ્વારા પણ અસરકારક કાર્યવાહી કરવામાં આવે તે પણ જરૂરી છે.

### શહેરા તાલુકાના ડેમલી ગામે તળાવમાંથી મોટો પ્રમાણમાં ખનીજ ચોરી

શહેરા,

શહેરાના ટીંબા પાટીયા થી છકડીયા તરફ જવાના માર્ગ ઉપર ડેમલી ગામના તળાવ માંથી મોટા પ્રમાણમાં ખનીજ ચોરી થઇ રહી છે. જાગૃત નાગરિક દ્વારા ખાણ ખનીજ વિભાગને આ બાબતની જાણ કરવા છતાં આ સામે કોઈ જ કાર્યવાહી કરવામાં નહીં આવતા તળાવમાંથી રેતી અને મોટા પાયે માટી કાઢવામાં આવી રહી છે, જે રીતે મોટા માથાઓ દ્વારા અને ઊંચી પહોંચ ધરાવતા વ્યક્તિઓ દ્વારા દિવસ અને રાત્રી દરમિયાન ડેમલી ગામના મુખ્ય તળાવ માંથી રેતી અને માટી કાઢીને ટ્રેક્ટર સહિતના વાહનોમાં હેરાફેરી થવાના કારણે સરકારી તિજોરીને પણ નુકશાન જતું હોવા છતાં સ્થાનિક તંત્રના અધિકારીઓ અને ખાણ ખનીજ વિભાગ આ સામે કાર્યવાહી કરતા ખચકાઈ રહયા તેમ લાગી રહયુ છે. તંત્રની મીઠી નજરના કારણે આ ગામના મુખ્ય તળાવની સુંદરતામાં પણ ઘટાડો થતો હોય ત્યારે જીલ્લા કલેકટર દ્વારા આ ઉપરોકત બાબતને દયાનમાં લઈને આ તળાવમાં થતી ખનીજ ચોરી અટકાવીને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે જેથી બીજા અન્ય તળાવમાં કે કોતરમાં ખનીજ ચોરી થતી અટકી શકે તો નવાઈ નહી.